# ગાંધીનગરમાં ૧૧મીએ કોંગ્રેસની જન સભા

## આ જન સભાને યંગ બ્રિગેડના આગેવાનો ઉપરાંત પ્રદેશ આગેવાનો સંબોધશે

ગાંધીનગર, તા. ૬

૧૧મી નવેમ્બરે ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ અને જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શક્તિ પ્રદર્શનના ભાગરૂપે એક વિશાળ જનસભાનું આયોજન સે. ૧૧ના મેદાન ખાતે કરવામાં આવ્યું છે.

૧૧મીની આ જનસભાની તડામાર તૈયારીઓ કોંગ્રેસના આગેવાનો દ્વારા કરી દેવામાં આવી છે. આ જાહેર જનસભા વિધાનસભાના ચૂંટણી જંગ પહેલાંની હોવાથી જિલ્લામાં પ્રચારનો ધમધમાટ પણ આ સભા બાદ પક્ષ દ્વારા આરંભી દેવામાં આવશે.

કોંગ્રેસ પક્ષના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પક્ષની યંગ બ્રિગેડના આગેવાનો ઉપરાંત પ્રદેશ અગ્રણીઓ ઉપસ્થિત રહી સંબોધન કરનાર છે. આ જનસભામાં વિશાળ સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહે તે રીતે આયોજન કરવામાં આવી રહ્યું છે.

પક્ષના સૂત્રોએ જણાવ્યું છે કે પક્ષ દ્વારા હાલ સે. ૧૧માં આવેલ વિશાળ મેદાન પર પસંદગી ઉતારવામાં આવી છે અને આ માટે જરૂરી મંજૂરીઓ મેળવવાની કાર્યવાહી પણ આરંભી દેવામાં આવી છે.

આ સભામાં શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાંથી પણ મોટી સંખ્યામાં કાર્યકરો આવનાર હોવાથી તે અંગેની જુદી જુદી સમિતિઓની રચના કરી અને જવાબદારીઓ સોંપવામાં આવી રહી છે. આજે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના કાર્યાલય ખાતે જિલ્લાના આગેવાનોની બેઠક પણ યોજવામાં આવી હતી.

આ જનસભાનો સમય સાંજનો રાખવામાં આવ્યો છે. જેથી લોકો મોટી સંખ્યામાં જોડાઈ શકે. આ જનસભાથી જિલ્લામાં પ્રચાર પડધમ આરંભાતા હોવાથી નેતાઓ પણ આક્રમક વક્તવ્યો રજુ કરશે તેમ મનાઈ રહ્યું છે. પ્રદેશમાંથી પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા, પ્રદેશ પ્રમુખ શ્રી મોઢવાડિયા, વિપક્ષી નેતા શ્રી શક્તિસિંહ ગોહિલ, શ્રી નરહરિ અમીન સહિતના આગેવાનોને ઉપસ્થિત રહેવા માટે જિલ્લાના આગેવાનો દ્વારા નિમંત્રણ આપવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

### ચાર કલેક્ટરોને નવી નિમણૂંક અપાઈ

ગાંધીનગર, તા. ૬

ગઈકાલે ચૂંટણી પંચના આદેશને પગલે બદલાયેલા ચાર જિલ્લા કલેક્ટરોને આજે અન્ય સ્થાનો પર નિમણુંક આપતા હુકમો જારી કરવામાં આવ્યા છે.

આમાં તાપી કલેક્ટર શ્રી આર. જે. પટેલને સુડાના સી.ઈ.ઓ. તરીકે, શ્રી એલ. સી. પટેલને અધિક વિકાસ કમિશનર તરીકે, શ્રી જે. એમ. લુણીને અમદાવાદના ડેપ્યુટી મ્યુનિ. કમિશનર તરીકે, જ્યારે શ્રી જે.બી. વોરાને સુરતના ડેપ્યુટી મ્યુનિ. કમિશનર તરીકે મુકવામાં આવ્યા છે.

# ગાંધીનગરમાં ડેન્ગ્યુના વધુ ચાર કેસ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નર્સિંગ કોલેજની એક વિદ્યાર્થિની ડેન્ગ્યુમાં સપડાઈ છે. શહેરમાં આજે ડેન્ગ્યુના વધુ ચાર કેસ મળી આવતાં તંત્રની દોડધામમાં વધારો થવા પામ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં આવેલ નર્સિંગ કોલેજની એક વિદ્યાર્ની ડેન્ગ્યુમાં સપડાતાં સિવિલ કેમ્પસમાં ચકચાર મચી જવા પામી છે. તો સે. ૧૩માં એન્ટી લારવેલની કામગીરી બાદ પણ આજે ડેન્ગ્યુનો નવો કેસ મળી આવ્યો છે. આ ઉપરાંત સે. ૩માંથી પણ ડેન્ગ્યુનો કેસ મળી આવતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે.

### નર્સિંગ કોલેજની વિદ્યાર્થિની ડેન્ગ્યુમાં સપડાઈ

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા ચારેય દર્દીઓ યુવા વયના છે અને તે સારવાર હેઠળ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છે. તંત્ર દ્વારા આ ચારેય કેસના દર્દીઓના રહેઠાણ અને તેની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવવામાં આવી છે. જો કે આ વિસ્તારોમાંથી કોઈ અન્ય દર્દીઓ મળ્યા નહિ હોવાનું જાણવા મળેલ છે.

નર્સિંગ કોલેજની વિદ્યાર્થિનીને ડેન્ગ્યુના પગલે હોસ્ટેલ અને કોલેજમાં પણ તંત્ર દ્વારા આરોગ્ય ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવી છે.

સે. ૧૩ને આવરી લઈ અને એન્ટી લારવેલની સઘન કામગીરી કરાયા બાદ પણ ડેન્ગ્યુ પોઝીટીવનો કેસ મળતાં તંત્રએ આ સેક્ટર પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

તાજેતરમાં સે. ૧૩નો એક યુવાન ડેન્ગ્યુના કારણે મૃત્યુ પામ્યો હતો. હજુ આ અહેવાલોની અખબારી શાહી પણ સુકાઈ નથી ત્યાં આ કેસ મળી આવતાં તંત્ર સામે વધુ એક પડકાર ઉભો થવા પામ્યો છે.

તંત્રએ ડેન્ગ્યુના છુટા છવાયા કેસો નવા સેક્ટરોમાંથી વધુ મળતાં હવે તેનું સમગ્ર ધ્યાન આ સેક્ટરો પર કેન્દ્રીત કરવાની વ્યુહરચના અપનાવી છે. ડેન્ગ્યુનો મચ્છર દિવસ દરમ્યાન કરડતો હોવાથી લોકોને પણ આખી બાંયના કપડાં પહેરવા માટેની સમજ આપવામાં આવી રહી છે. વાતાવરણમાં સતત બદલાવને કારણે પણ મચ્છરો વધવા પામ્યા હોવાનું જાણવા મળેલ છે. કારણ કે આ પરિસ્થિતિ તેમના માટે વધુ સાનુકૂળ જણાય છે. તંત્રએ નવા સેક્ટરોમાં લોક જાગૃતિના વિશેષ કાર્યક્રમોનું પણ આયોજન કરવાની વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

# રાજસ્થાન સરહદેથી લવાતો દારુ અટકાવવા ખાસ કાર્યયોજના ઘડાઈ

## રાજ્યની ૨૫ ચેકપોસ્ટો પર વિશેષ નાકાબંધી : ઉદેપુર અને ગાંધીનગર રેન્જ આઈ.જી.એ ૭ જિલ્લાના એસ.પી.ને સાથે રાખી બેઠક યોજી : ચૂંટણીની જાહેરાત બાદ કરોડોનો દારુ ગુજરાત પહોંચાડાતો અટકાવાયો

ગાંધીનગર, તા.૬

વિધાનસભાની ચૂંટણીની જાહેરાત બાદ ગુજરાતમાં દારુ આવતો અટકાવવા માટે ગાંધીનગર ખાતે આંતર રાજય રેન્જ લેવલની બેઠક કરવામાં આવી હતી. મતદારોને રીઝવવા માટે દારુનો આશરો લેવાય નહીં તે માટે ગુજરાતમાં રાજસ્થાન બોર્ડરથી ઘુસાડવામાં આવતો દારુનો મસમોટો જથ્થો સ્ટોપ કરી દેવા ગુજરાત-રાજસ્થાન બોર્ડર ઉપર કુલ ૨૫ ચેક પોસ્ટો પર સઘન નાકાબંધી રાખવા નિર્ણય લેવામાં આવ્યો છે. આજે ગાંધીનગર એસ.પી. કચેરીએ યોજાયેલી આ આંતરરાજય રેન્જ કક્ષાની બેઠકમાં ગાંધીનગર, ઉદેપુર રેન્જ ડી.આઈ.જી. વડોદરા રેન્જ ડી.આઈ.જી.પી. સહિત અન્ય સાત જિલ્લાના પોલિસ અધિક્ષકો હાજર રહ્યા હતા અને નાકાબંધી કરવા અંગેના એકશન પ્લાનની ચર્ચા કરી હતી.

ગુજરાતમાં રાજસ્થાનની બોર્ડર ઉપરથી થતી વિદેશી દારુની હેરાફેરી રોકવા માટે આજે યોજાયેલી બેઠકમાં ગાંધીનગર રેન્જ આઈ.જી. શમશેરસિંઘે ઉદેપુર રેન્જ આઈ.જીને રાજસ્થાનમાં નાસતા ફરતા વોન્ટેડ ૧૦૦ જેટલા મોટા બુટલેગરોની યાદી આપીને તેઓને પકડી પાડવા જણાવ્યું હતું. તે ઉપરાંત હિંમતનગર અને ઉદેપુર ડી.વાય.એસ.પી.ની નોડલ ઓફીસર તરીકે નિમણુંક કરીને વોન્ટેડ લીસ્ટેડ બુટલેગરોને પકડવા સુચના આપવામાં આવી હતી. ઉદેપુર એસ.પી.ના જણાવ્યા મુજબ અત્યાર સુધી ૫૦થી વધુ એવા બુટલેગરોની ધરપકડ કરવામાં આવી છે જેમના ગુજરાત કનેકશન ખુલ્યા છે. ઉદેપુર રેન્જ આઈ.જી. ટી.સી. ડામોરના જણાવ્યા મુજબ ગુજરાતમાં ઘુસાડાઈ રહેલા રૂ. ૪ કરોડની કિંમતના વિદેશી દારુને ત્રણ જ માસમાં પકડવામાં આવ્યો છે. જે પૈકી મસ મોટો જથ્થો વિધાનસભાની ચૂંટણીની જાહેરાત બાદ પકડાયો છે. ગુજરાત-રાજસ્થાનને જોડતી બોર્ડરો પૈકી ૨૫ એવી ચેક પોસ્ટ છે જેમાંથી દારુ ઘુસાડવામાં આવે છે તેને લીસ્ટ કરીને તમામ ચેક પોસ્ટ પર નાકાબંધીની વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. જે પૈકી ૮ ચેક પોસ્ટ પર હાલ નાકાબંધી ચાલુ છે. એક અઠવાડીયામાં અન્ય તમામ ચેક પોસ્ટ ઉપર ગુજરાત અને રાજસ્થાનના અધિકારીઓ સાથે રહીને નાકાબંધી શરુ કરી દેશે.


(તસવીર : વિપુલ ચૌહાણ)




સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ દ્વારા સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | |
|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % વળતર |
| રેશમ ખાદી | ૧૫ % વળતર |

સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ
ખાદી ગ્રામોદ્યોગ ભવન
પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ફોન : ૨૩૨૨૨૩૩૩
સમય : સવારે ૧૦-૩૦ થી ૭-૩૦ કલાક ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com